For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# રામ રાખે તેને કોણ ચાખે?

# 10મા માળેથી પટકાયા, 8મા માળની બારીમાં ફસાયા




1 ફાયરની ટીમ પહોંચી
2 ફાયરના જવાનોએ દોરડું બાંધ્યું
3 એક પગ બારીમાં લીધો
4 બારીમાં ખેંચી લઇ બચાવી લીધા

**આધેડને** બચાવવા જહાંગીરાબાદમાં ફાયર બ્રિગેડનું દિલધડક રેસ્ક્યુ ઓપરેશન

સુરતઃ શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં ગુરૂવારે વહેલી સવારે એક આશ્ચર્યજનક ઘટના બની હતી. અહીંની એક હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેતા આધેડ સવારે 10 માં માળની બારીમાંથી ગબડીને નીચે પડયા હતા. સદનસીબે તેઓ 8 મા માળની બારીની ગ્રિલમાં ફસાયા હતા અને ગ્રિલમાં ઊંધા લટકી ગયા હતા. 8માં માળ ઉપર બારીની ગ્રીલમાં પગ ફસાઈ જવાના કારણે લટકી રહેલા આધેડને જોઈ નીચે હાજર લોકોના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગ્રેડ વિભાગની ટીમો ગણતરીના સમયમાં જ ઘટના સ્થળે પહોંચી હતી એક કલાકની જહેમત બાદ તેમને રેસ્ક્યુ કરી લેવાયા હતાં.

શહેરમાં ગુરૂવારે રામ રાખે તેને કોણ ચાખે આ કહેવતને સાર્થક કરતો કિસ્સો બન્યો હતો. જહાંગીરાબાદ નવા ડી-માર્ટની બાજુમાં આવેલા ટાઈમ ગેલેક્સીના 10 માં માળે A-1004 માં રહેતા નિતિનભાઈ ખીમજીભાઈ હડીયા (ઉ.વ 57) પોતાના ઘરની બારી પાસે સૂતા હતા. દરમિયાન અચાનક તેઓ બારીમાંથી નીચે પડી ગયા હતા. સદનસીબે તેઓ 8મા માળે આવેલી ફ્લેટમાં બારીની બહારની જાળી અને છજ્જાના ભાગે અટકી ગયા હતા. તેમનો પગ લોંખડની ગ્રીલમાં ફસાતા તેઓ હવામાં લટકી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચેલી ફાયરની ટીમે તેમનું રેસ્ક્યુ ઓપરેશન શરુ કર્યું હતું. ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એસ.ડી. ધોબીએ જણાવ્યું હતું કે સાવચેતીના ભાગરૂપે ફાયરના 15થી 20 જવાનોએ નીચે જમીન પર સેફ્ટી નેટ પકડી રાખી હતી. જેથી વ્યક્તિ ઉપરથી સરી પડે તો તેમનો જીવ બચાવી શકાય. બીજી તરફ અન્ય ફાયરબ્રિગબ્રેડના જવાનો

...અનુસંધાન પાના 5 પર

### જાળી વગરની બારીમાં સૂતા હતા અને ચક્કર આવતાં પટકાયા હોવાની કેફિયત

ફાયર વિભાગના અધિકારીઓએ જણાવાયું હતું કે નીતિનભાઈનું રહેવાનું 10 માળે છે. તેઓ 10 માળની બારીમાં સુતા હતા. પરંતુ આ બારીમાં જાળી નહીં હતી. દરમિયાન તેમણે ચક્કર આવ્યા અને તેઓ જાળી વગરની બારીમાંથી નીચે પડયા હતા. સદનસીબે તેઓ 8 માળની બારીની ગ્રિલમાં અટકી ગયા હતા અને પગ ફસાય જતા ત્યાં જ લટકી રહયા હતા. દિલધડક રીતે ચાલેલી આ રેસ્ક્યૂની કામગીરી અને મહામહેનત તેમજ ફાયર બ્રિગ્રેડના જવાનોના સાહસ અને સમયસૂચકતાના અંતે નિતિનભાઈને સહી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. તેમને સુરક્ષિત રીતે અંદર ખેંચી લેવાયા હતા. આ દૃશ્ય જોઈને ત્યાં હાજર લોકોએ હાશકારો અનુભવ્યો હતો. રેસ્ક્યૂ બાદ તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### 8મા માળની ગ્રીલ કાપી, એક કલાક રેસ્ક્યુ ઓપરેશન ચાલ્યું

નીતિનભાઇનો પગ 8મા માળની ગ્રિલમાં ફસાયેલો હોવાથી ફાયર જવાનોએ હાઈડ્રોલિક કટરથી જાળી કાપી હતી. આશરે એક કલાક સુધી ચાલેલી આ મહામહેનત અને ફાયર જવાનોની સમયસૂચકતાના અંતે નીતિનભાઈને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા. તેમને 108 એમ્બ્યુલન્સ મારફત નજીકની ગુરુકૃપા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ભટારમાં 2 વર્ષના બાળકને 14મા માળેથી ફેંકી માતાની મોતની છલાંગ

**માઇગ્રેનની** બીમારીથી કંટાળીને આ પગલું ભર્યું હોવાની શક્યતા

**બાળકનું** ઘટના સ્થળે જ મોત, તો માતાએ સારવાર દરમિયાન દમ તોડ્યો




સુરતઃ ભટારમાં રહેતી પરિણીતાએ માઇગ્રેનની બીમારીથી કંટાળીને નજીકમાં આવેલા આવાસના 14માં માળેથી બે વર્ષના બાળકને ફેંકીને મોતની છલાંગ લગાવી દેતા ચકચાર મચી ગઇ હતી. આવાસના એપાર્ટમેન્ટના નીચે ઊભેલી કાર પર માતા પટકાતા કારનો કચ્ચરઘાણ થયો હતો. જોકે બાળકનું ઘટનાસ્થળે મોત થયું હતું તો માતાએ સારવાર દરમિયાન દમ તોડયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ બિહારના વતની ઇરફાન આલમ અન્સારી હાલ ભટાર આઝાદ નગર પાસે આવેલ રસુલાબાદમાં 21 વર્ષીય પત્ની ઝાહીરા તેમજ

...અનુસંધાન પાના 5 પર

### ઘટના બની ત્યાં રહીશો ઝાહીરાને ઓળખતા નહીં હોય પોલીસ આખો વિસ્તાર ખૂંદી વળી

ખટોદરા પોલીસના સેકન્ડ પીઆઇ ચિરાગ નિનામાએ જણાવ્યું હતું કે, સવારે જ્યારે આ ઘટના બની ત્યારે અમારી ટીમ સ્થળ પર દોડીને ગઈ હતી. પરંતુ એ આવાસમાં ઝાહીરા રહેતી નહીં હતી. જેથી તેની અજાણી મહિલા તરીકે નોંધ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. જેથી અમારી પોલીસની અલગ અલગ ચાર ટીમો બનાવી વિસ્તારના 70થી વધારે સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. તેમજ ઘરે ઘરે જઈને ઝાહીરા વિશે પૂછતાછ શરૂ કરવામાં આવી હતી.

### ઝાહીરા કારની ઉપર પડતા બચી હતી

સૂત્રોએ જણાવ્યું કે, પુત્ર અફાનને ફેંક્યા બાદ માતા ઝાહીરાએ મોતની છલાંગ લગાવી દીધી હતી. ત્યારે તે આવાસના એપાર્ટમેન્ટની નીચે ઊભેલી કાર પર પડી હતી. જેથી કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. જેમાં ઝાહીરાને ગંભીર ઇજા થઈ હતી. ઇજાગ્રસ્ત ઝાહીરાને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં સાંજે તેનું પણ મોત નીપજ્યું હતું. ઝાહીરાના કાર પર પડતા ધડાકાભેર અવાજ આવી હતી. જેથી સ્થાનિક લોકો દોડીને બહાર આવી ગયા હતા અને બનાવ જોઈને ચોંકી ગયા હતા.

### પતિએ પત્નીને અનેક ફોન કર્યા પરંતુ ઉપાડ્યા નહીં

ઝાહીરાનો પતિ ઈરફાન સાંજે નોકરી પરથી ઘરે આવીને જોયું તો ઝાહીરા અને બાળક ઘરમાં નહીં હતો. જેથી તેણીને ફોન કર્યા પરંતુ તેણીએ ફોન ઉપાડ્યો ન હતો. જેથી શોધખોળ કરતાં ઇરફાન નવી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. જ્યાં તેને બનાવની જાણ થતાં પોલીસનો સંપર્ક થતાં ઝાહીરાનું નામ ખૂલ્યું હતું.

# આગાહી હતી ઠંડી વધવાની ને વધી ગરમી

**ઉત્તરના** પવન સતત ફુંકાતા હોવાથી આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા

**મહત્તમ** તાપમાનમાં 1.6 ડિગ્રીનો વધારો, જ્યારે લઘુત્તમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો

સુરતઃ સુરત શહેરમાં હવામાનની અનિશ્ચિતતા યથાવત રહેતા આજે ફરી તાપમાનમાં વધઘટ જોવા મળી છે. છેલ્લા બે દિવસથી શહેરમાં સતત ઉત્તરના પવનો ફૂંકાઈ રહ્યા છે, જે આવનારા દિવસોમાં ઠંડી વધવાના સંકેત આપી રહ્યા છે. જોકે દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ વધ્યો છે, જ્યારે રાત્રીના સમયે ઠંડક વધુ અનુભવી શકાય છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, 24 ડિસેમ્બર 2025ના રોજ શહેરનું મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે 25 ડિસેમ્બરે વધીને 32.8 ડિગ્રી સેલ્સિયસ થયું છે. આ રીતે મહત્તમ તાપમાનમાં 1.6 ડિગ્રીનો વધારો નોંધાયો છે, જેના કારણે બપોરના સમયે ગરમી વધુ અનુભવાઈ હતી. બીજી તરફ, લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન 19.0 ડિગ્રી હતું, જે આજે ઘટીને 18.2 ડિગ્રી સેલ્સિયસ થયું છે. એટલે કે રાત્રીના તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડકમાં વધારો નોંધાયો છે. આ ઉપરાંત, હવામાં ભેજનું પ્રમાણ પણ ઘટ્યું છે. આજે ભેજ ઘટીને 39 ટકા રહી છે. ખાસ વાત એ છે કે છેલ્લા બે દિવસથી ઉત્તર દિશાના પવનો સતત ફૂંકાઈ રહ્યા છે. ગઈકાલે પવનની ઝડપ 4 કિમી પ્રતિ કલાક હતી, જે આજે વધીને 6 કિમી પ્રતિ કલાક થઈ છે. હવામાન નિષ્ણાતો અનુસાર ઉત્તર દિશાના પવનોની સતત અસરથી આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે અને ઠંડીમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશના અત્યાચારનો સુરતમાં વિરોધ




(તસવીર : હેમંત ડેરે)

**બાંગ્લાદેશ** મુર્દાબાદનાં બેનરો સાથે વિરોધ પ્રદર્શન, ભારત સરકાર સમક્ષ ન્યાયની માંગ

સુરતઃ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના દીપુ ચંદ્રદાસની કરવામાં આવેલી નિર્મમ હત્યાના સમાચાર સામે આવતા ભારત દેશમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાને લઈને જેમ ડાયમંડ સિટી સુરતમાં પણ લોકોમાં આક્રોશ જોવા મળ્યો છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં વિરોધની લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

ખટોદરા સહિત અલગ અલગ વિસ્તારોમાં બાંગ્લાદેશ મુર્દાબાદ લખેલા બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. નાગરિકો દ્વારા શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ખાસ કરીને યુવા વર્ગ અને હિન્દુ સમર્થક સંગઠનોમાં આ ઘટનાને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકો રસ્તા પર ઉતરીને દીપુ ચંદ્રદાસની હત્યાની કડક નિંદા કરી રહ્યા છે અને હિન્દુઓ પર થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવી રહ્યા છે. વિરોધ પ્રદર્શન કરતા લોકએ જણાવ્યું હતું કે, આજના સમયમાં દુનિયાના અનેક દેશોમાં હિન્દુઓ સુરક્ષિત નથી.

બાંગ્લાદેશ હોય કે પાકિસ્તાન, આવા દેશોમાં હિન્દુઓ પર જે રીતે હુમલાઓ થાય છે. ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ ન્યાયની માંગ કરી હતી. યુવાઓ અને વિવિધ હિન્દુ સંગઠનોમાં પ્રવર્તી રહેલા રોષને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

દેખાવકારોની મુખ્ય માંગ છે કે ભારત સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ઉઠાવી બાંગ્લાદેશમાં રહેતા લઘુમતી હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરે. સોશિયલ મીડિયા પર પણ આ હત્યાના વિરોધમાં અભિયાન શરૂ થયા છે, જે સુરતના નાગરિકોના આક્રોશને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

### ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા ગર્લફ્રેન્ડ સાથે સુરતમાં



- ભારતીય ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા આજે પોતાના વતન સુરતના મેહમાન બન્યા હતાં. સુરત એરપોર્ટ પર તેઓ પોતાની ગર્લ ફ્રેન્ડ મહીકા શર્મા સાથે આવી પહોંચ્યા હતા. તેઓ પોતાના મિત્ર ગોંડલીયા પરિવારમાં યોજાયેલા સગાઈ વિધિ પ્રસંગે મેહમાન બન્યા હતા.સુરત એરપોર્ટ બહાર પોલીસ સુરક્ષા સાથે તેઓને સુરતની પંચ તારક હોટેલમાં લઈ જવામાં આવ્યા હતાં. મીડિયા દ્વારા હાર્દિક પંડ્યાની પ્રતિક્રિયા લેવા પ્રયાસ કરવામાં આવતા તેણે કહ્યું હતું કે, સુરત મારું વતન છે.મારા શહેરમાં હું મેહમાન કે,મુલાકાતી કઇ રીતે ગણાવું? ગોંડલીયા પરિવારના એક સામાજિક પ્રસંગે આવ્યો છું.અહીં ઉલ્લેખનીય છે કે ચાલુ સપ્તાહે જ હાર્દિક પંડ્યાનો સમાવેશ ટી 20 વર્લ્ડ કપની ભારતીય ટીમમાં થયો છે.

(તસવીર : હેમંત ડેરે)

# સ્લેટમાં ''સોરી પપ્પા'' લખીને જીવન ટુંકાવ્યું

**મોબાઇલ** જોતી પુત્રીને પિતાએ ઠપકો આપ્યો તો ફાંસો ખાઇ લીધો

સુરતઃ શહેરમાં નાની ઉંમરના બાળકોમાં આપઘાતના બનાવોમાં હવે ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે ડિંડોલીમાં ટ્યુશનની રજા પાડીને મોબાઈલ જોતી રહેતી પુત્રીને પિતાએ ઠપકો આપ્યો તો ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. રત્નકલાકાર પિતાની દીકરીએ સ્લેટમાં ''સોરી પપ્પા'' લખીને જીવન ટૂંકાવી લેતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની, ધર્મેન્દ્ર પાંડે હાલ નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલ સુમન સ્વપ્ન આવાસમાં પરિવાર સાથે રહે છે. ધર્મેન્દ્ર રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 15 વર્ષીય સગુન સ્થાનિક વિસ્તારમાં આવેલ શાંતિ નિકેતન સ્કૂલના ધોરણ-9માં અભ્યાસ કરતી હતી. સગુન આખો

...અનુસંધાન પાના 5 પર

# બેંક કર્મીની સતર્કતાથી ડિજિટલ એરેસ્ટનો પ્રયાસ નિષ્ફળ

**27 લાખની** ફિક્સ ડિપોઝિટ વીડ્રો કરવા વૃદ્ધા ઉતાવળ કરતી હોવાથી શંકા ગઇ

**સંવેદનશીલ** ફોટા પાકિસ્તાન મોકલનારે તમારું નામ આપ્યું છે તેમ કહી 27 લાખ માંગ્યા હતા

અમદાવાદ : અમદાવાદની એક વૃદ્ધ મહિલા પોતાની ફિક્સ ડિપોઝિટ વીડ્રો કરાવવા બેંકમાં ગઈ હતી, ત્યારે આ વૃદ્ધ મહિલાએ 27 લાખની ફિક્સ ડિપોઝિટ વીડ્રો કરી અજાણ્યા એકાઉન્ટમાં જમા કરાવવા ખૂબ જ ઉતાવળ કરતી હતી. આ જોઈ બેંકકર્મીને શંકા જતા વૃદ્ધાની પૂછપરછ કરી પરંતુ યોગ્ય જવાબ ન મળતા બેંક બેંક કર્મચારીએ ઉપલી અધિકારીને તેની જાણ કરી હતી. બાદમાં સમગ્ર મામલો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ધ્યાને આવતા પોલીસે આ વૃદ્ધા સાથે 27 લાખના ડિજિટલ એરેસ્ટનો પ્રયાસ નિષ્ફળ બનાવીને મહિલાને ડિજિટલ એરેસ્ટ કરતા સાયબર માફિયાઓના જાળમાંથી બહાર કઢાઈ હતી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં રહેતી એક વૃદ્ધાને 18 ડિસેમ્બર-25ના રોજ અજાણ્યા નંબરથી કોલ આવ્યો હતો, અને જણાવ્યું હતું કે તેમના મોબાઈલ ફોન થી ભારતીય સેનાના 21 ખૂબ જ ગોપનીય, અને સંવેદનશીલ ફોટા, 17 સિનિયર આર્મી ઓફિસરના આઈકાર્ડ, સાત એટીએમ કાર્ડ પંજાબ પાકિસ્તાન બોર્ડરએ મોકલવામાં આવેલા છે. આ મામલે આસિફ ફોજીની ધરપકડ કરી છે, તેણે તમારું નામ જણાવ્યું છે, અને પાકિસ્તાન બોર્ડર ઉપર મનીલોન્ડરિંગ કરો છો. તેમ કહી સાયબર માફિયાઓએ આ વૃદ્ધાને ડિજિટલ એરેસ્ટ કરીને

...અનુસંધાન પાના 5 પર

### એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક સુરત ફ્લાઇટ ગાંજાના ખેપિયાઓની પ્રિય ફ્લાઇટ બની

# સુરત એરપોર્ટ પર 3.11 કિલો ગાંજા સાથે મહિલા પકડાઈ

**વર્ષા** રાયકવાર નામની મહિલાની અટકાયત, 3 કરોડથી વધુનો ગાંજો 7 વેક્યુમ-પેક્ડ પોલીથીનના પેકેટમાંથી મળી આવ્યો



સુરતઃ બેંગકોકથી સુરત આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ડેઈલી ફ્લાઈટ ગાંજો/ હાશીશના ખેપિયાઓની ફેવરિટ ફ્લાઈટ બની છે. ફરી સુરત કસ્ટમની એર ઈન્ટેલિજન્સ વિંગના અધિકારીઓને મળેલી બાતમીના આધારે એક મહિલા પ્રવાસી વર્ષા રાયકવાર (C1133412), જે 24.12.2025 ના રોજ એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ નં. IX-263 દ્વારા બેંગકોકથી આવી રહી હતી, તેને કસ્ટમ અધિકારીઓ દ્વારા અટકાવવામાં આવી છે. પેસેન્જરના સામાનની તપાસ કરતાં, તેણી પાસે વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીનના 7 પેકેટ મળી આવ્યા હતા. જેમાં લીલા પદાર્થનું કુલ વજન 3.11 (3114.15 ગ્રામ ) કિલો હતું. જેની બજાર કિંમત આશરે 3.11 કરોડ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

આરએફએસએલ અધિકારીએ પ્રાથમિક પરીક્ષણ પછી અહેવાલ આપ્યો કે પદાર્થ ગાંજો/ હાશીશ હોવાનું જણાવ્યું હતું. આ મામલામાં મહિલાની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી રહી છે. બેંગકોકમાં આ 7 પેકેટ રાયકવારને કોણે આપ્યા? અને સુરતમાં તે કોઈને ડિલિવરી આપવાની હતી કે, બાય રોડ મુંબઈ લઈ જવાની હતી, એને લગતી તપાસ ચાલી રહી છે.

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ડ્રગ્સ માફિયાઓ માટે નવો રૂટ કોરિડોર બની રહ્યો છે. હજી બે દિવસ પહેલાં જ ખૂબ મોટી માત્રામાં હાઈબ્રિડ ગાંજો પકડાયો હતો જેમાં તમિલનાડુના ચેન્નાઈની એક મહિલા અને એક પુરુષની ધરપકડ કરવામાં આવી હતી. ગઈકાલે ફરી કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલી મહારાષ્ટ્રીયન

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અશુભ - બેસણું
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ.ભીખીબેન જમનાદાસ પટેલ નું તા.૨૪/૧૨/૨૦૨૫ ને બુધવારના રોજ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું તા.૨૮/૧૨/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
નિવાસસ્થાન : ઝંડાચોક, રાંદેર, સુરત.



સ્વ.ભીખીબેન જમનાદાસ પટેલ
સ્વ. તા. ૨૪/૧૨/૨૦૨૫
લિ. બળવંતભાઈ જમનાદાસ પટેલ
હસમુખભાઈ જમનાદાસ પટેલ
નરેન્દ્રભાઈ જમનાદાસ પટેલ
તથા સમસ્ત પરિવાર

॥ શ્રદ્ધાંજલિ ॥
સમયની સરીતા સદાય વહેતી રહેશે. સ્મૃતિઓનાં સાગરમાં સમાય જાશે. દિન, માસ, વર્ષો કાયમ વલોવાશે. પરંતુ તસ્વીર આપની સદાકાળ દિલમાં રહેશે. પ્રભુ તમારા આત્માને દિવ્ય શાંતિ આપે.
॥ ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ ॥



સ્વ.ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ.તા.૨૧/૧૨/૨૦૨૫, રવિવાર
લિ. સાંઇલુમી ડેવલોપર્સ
અર્જુનભાઈ શાંતિલાલ પટેલ
હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર
ઝવેરભાઈ કાનજીભાઈ પટેલ
વિમલ કાંતીભાઈ પટેલ
અશોક અમરતભાઈ રાયકા
અજય આર. હાથીવાલા
કનુભાઈ કાંતીલાલ પટેલ